# આસપાસ ચોપાસ

## પણસોલીમાં નિયમિત આરતી, ભજન-કીર્તન અને સમૂહ ભોજનથી ધાર્મિક આસ્થા સાથે સામાજિક સમરસતાનું જતન







પણસોલી ગામના યુવાનોના શ્રમદાન અને સહયોગથી કાર્યરત ભાથીજી મંડળ દ્વારા અહીં છ મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ધાર્મિક આસ્થાના કેન્દ્ર બનેલા આ મંદિરોની જાળવણી, સ્વચ્છતા અને સુશોભનની જવાબદારી પણ યુવાનો ઉત્સાહપૂર્વક નિભાવી રહ્યા છે. ભાથીજી મંડળના સામૂહિક પ્રયાસોથી શ્રી ભાથીજી મંદિર, શ્રી રામદેવપીર મંદિર, શ્રી જોગણી માતાજીનું મંદિર, શ્રી વેરાઈ માતાજીનું મંદિર, મહાદેવ મંદિર અને હનુમાનજીના મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અશ્વિનભાઈ વકીલના માર્ગદર્શન હેઠળ યુવાનો દ્વારા મંદિરોની નિયમિત દેખરેખ, સાફ-સફાઈ અને રંગરોગાન સહિતની કામગીરી કરવામાં આવે છે.

મંદિરોને રંગબેરંગી લાઇટિંગથી શણગારવામાં આવ્યાં છે, જેના કારણે સંધ્યા આરતી સમયે સમગ્ર પરિસર ભક્તિમય વાતાવરણથી ઝળહળી ઊઠે છે. મંદિરોમાં સંધ્યા આરતી સાથે સમૂહમાં ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવે છે.

ધાર્મિક તહેવારો અને વિશેષ પ્રસંગોએ ભાથીજી મંડળ દ્વારા ભંડારા તથા સમૂહ ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં ગ્રામજનો સામૂહિક રીતે જોડાઈ ધાર્મિક પરંપરાઓને જીવંત રાખવાની સાથે પરસ્પર સ્નેહ અને એકતાની ભાવનાને પણ મજબૂત બનાવે છે. મંદિર પરિસરમાં વૃક્ષો અને ફૂલછોડ ઉછેરવામાં આવ્યાં છે.

બેસવાની સુવિધા સાથે ખુલ્લા ચોગાનમાં બ્લોક પાથરવામાં આવ્યા હોવાથી પરિસરની સ્વચ્છતા અને વ્યવસ્થિત જાળવણી શક્ય બની છે. પણસોલી ગામમાં જાતિભેદ કે ઊંચ-નીચના ભેદભાવ વિના તમામ ગ્રામજનોને દર્શન અને ધાર્મિક કાર્યક્રમોમાં સહભાગી થવાની સમાન તક મળે છે. યુવાનોના શ્રમદાન અને સેવાકીય પ્રવૃત્તિઓથી પણસોલીમાં ધાર્મિક આસ્થા સાથે સામાજિક સમરસતા, ભાઈચારો અને એકતાનું વાતાવરણ જળવાઈ રહ્યું છે.




## પણસોલી બસ સ્ટેન્ડ ગ્રામજનો માટે પરિવહનની મહત્ત્વપૂર્ણ સુવિધા

ડભોઈ તાલુકાના ડભોઈ-બોડેલી મુખ્ય માર્ગ પર આવેલું પણસોલી ગામનું બસ સ્ટેન્ડ સ્થાનિક ગ્રામજનો માટે પરિવહનની મહત્ત્વપૂર્ણ સુવિધા બની રહ્યું છે. ગામના નાગરિકો ઉપરાંત જૂથ ગ્રામ પંચાયત હેઠળ આવતાં ગામોના રહીશોને પણ આ બસ સ્ટેન્ડનો લાભ મળી રહ્યો છે. રોજિંદા કામકાજ, ધંધા-રોજગાર, અભ્યાસ તથા અન્ય જરૂરી કામો માટે ડભોઈ તરફ અવરજવર કરતા મુસાફરો માટે બસ સ્ટેન્ડ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. પણસોલી બસ સ્ટેન્ડ પરથી એસ.ટી. બસ સહિત અન્ય વાહનોની સુવિધા મળતી હોવાથી ગ્રામજનોને અવરજવરમાં સરળતા રહે છે. ખાસ કરીને અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ તેમજ રોજગારી અર્થે મુસાફરી કરતા લોકો માટે આ સ્થળ મહત્ત્વપૂર્ણ છે. આસપાસના વિસ્તારના રહીશોને પણ અહીંથી વાહનવ્યવહારની સુવિધા મળતી હોવાથી સમય અને મુસાફરીની દૃષ્ટિએ રાહત મળે છે. મુખ્ય માર્ગ પર આવેલું પણસોલી ગામનું બસ સ્ટેન્ડ ગ્રામ્ય વિસ્તારના પરિવહનનું ઉપયોગી કેન્દ્ર બનીને સ્થાનિક લોકોની દૈનિક જરૂરિયાતો પૂર્ણ કરવામાં મહત્ત્વનો ભાગ રહ્યું છે.

## ખેતી અને દુધ ઉત્પાદન ગામની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર

### વઢવાણા કેનાલથી ડાંગરની ખેતીને સિંચાઈ

ગામની આર્થિક વ્યવસ્થાનો મુખ્ય આધાર ખેતી, ખેતમજૂરી અને પશુપાલન પર રહેલો છે. ગામના મોટાભાગના ખેડૂતો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, જ્યારે ખેતમજૂરોને પણ ખેતીની પ્રવૃત્તિઓ થકી રોજગારી મળી રહે છે. ગામમાં ડાંગરની ખેતીને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે. ડાંગરના પાકના ઉત્પાદન માટે ખેડૂતો મુખ્યત્વે વઢવાણા સિંચાઈ તળાવ યોજના હેઠળની કેનાલોના પાણી પર આધાર રાખે છે. કેનાલ મારફતે મળતું સિંચાઈનું પાણી ખેતી માટે મહત્ત્વપૂર્ણ છે. ખેતીની સાથે પશુપાલન પણ ગ્રામ્ય અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આમ, ખેતી, ખેતમજૂરી અને પશુપાલન ગામના અનેક પરિવારોની આજીવિકાનાં મુખ્ય સાધનો છે.

### દુધ મંડળી ચાર દાયકાથી વધુ સમયથી પશુપાલકોનો આર્થિક સ્ત્રોત

પણસોલી ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી કાર્યરત રહી પશુપાલકોના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. ગામના સ્થાનિક પશુપાલકો ઉપરાંત આસપાસના વિસ્તારોમાં વસવાટ કરતા પશુપાલકો પણ આ મંડળીમાં દૂધ ભરાવી તેની આવક થકી પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. આમ, દૂધ ઉત્પાદનના વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારો માટે મંડળી આર્થિક આધારસ્તંભ બની રહી છે.મંડળીના સભાસદોના હિતનું જતન થાય અને વહીવટી કામગીરી સુચારુ રીતે ચાલે તે માટે સહકારી કાયદાની જોગવાઈઓ અનુસાર મંડળીના વહીવટ માટે દર પાંચ વર્ષે વ્યવસ્થાપક સમિતિની રચના કરવામાં આવે છે. સમિતિ દ્વારા મંડળીની કામગીરીનું સંચાલન કરવામાં આવે છે. આમ, ચાર દાયકાથી વધુની સફર ધરાવતી પણસોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી પશુપાલકોની આજીવિકાને ટેકો આપવા સાથે ગ્રામ્ય વિસ્તારમાં સહકારની ભાવનાને પણ જીવંત રાખી રહી છે.

## નવા પંચાયત ભવન નિર્માણથી વહીવટી કામગીરી માટે યોગ્ય માળખું ઉપલબ્ધ બન્યું




પણસોલી ગ્રામ પંચાયતના વહીવટી કાર્યક્ષેત્રમાં પણસોલી ઉપરાંત નર્મદા વસાહત, સિંધિયાપુરા, સુંવાલજા અને સુરતીપુરા સહિતનાં વિસ્તારોનો સમાવેશ થાય છે. આથી ગ્રામ પંચાયતની જવાબદારી માત્ર એક ગામ પૂરતી સીમિત ન રહેતાં વિવિધ વસાહતો સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવાની પણ છે. ગામમાં ગ્રામ પંચાયતનું નવીન અને સુવિધાસભર મકાન બનાવવામાં આવ્યું છે. ગ્રામ પંચાયત ગ્રામજનો અને સ્થાનિક વહીવટી તંત્ર વચ્ચેની મહત્ત્વની કડી હોવાથી આવા ભવનથી વહીવટી કામગીરી માટે યોગ્ય માળખું ઉપલબ્ધ બન્યું છે. ગામના વિકાસને લગતી જરૂરિયાતો, સ્થાનિક પ્રશ્નો અને નાગરિકલક્ષી સુવિધાઓના સંચાલનમાં પંચાયતની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બની રહે છે. પણસોલી ગામના મુખ્ય ફળિયા, શેરીઓ અને મહોલ્લાઓમાં આર.સી.સી. રસ્તા તથા નવા બ્લોક બેસાડવામાં આવ્યા છે. પાકા રસ્તાઓથી ગામની આંતરિક અવરજવરને સુગમ બનાવવામાં મદદ મળે છે.

## તળાવના નવીનીકરણ સાથે પર્યટન સ્થળ તરીકે વિકાસ વોકિંગ ટ્રેક, બોટિંગ, ટાઉન હોલ સહિતની સુવિધાઓ




ડભોઈ તાલુકાના પણસોલી ગામે ચંદન તલાવડીના સમારકામ અને નવીનીકરણ દ્વારા ગામના વિકાસમાં એક નવું નજરાણું ઉમેર્યું છે. એક સમયે તળાવ તરીકે ઓળખાતી ચંદન તલાવડીને સુશોભિત પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવી છે. તળાવની આસપાસ હરિયાળી, બેસવા માટેના બાંકડા, વોકિંગ ટ્રેક, બોટિંગ માટેની સુવિધા સહિતની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. કુદરતી સૌંદર્ય અને આધુનિક સુવિધાઓના સમન્વયથી ચંદન તલાવડી ગામના લોકો માટે મનોરંજન, આરામ અને પ્રકૃતિ સાથે સમય વિતાવવાનું આકર્ષક સ્થળ બની છે.

ચંદન તલાવડીની આસપાસ ફરવા માટે વોકિંગ રસ્તો બનાવવામાં આવ્યો છે. તળાવની શોભામાં વધારો કરવા માટે વિવિધ ફૂલછોડ અને વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. લોકો શાંતિથી બેસીને પ્રકૃતિનો આનંદ માણી શકે તે માટે ઠેરઠેર બાંકડા મૂકવામાં આવ્યા છે. તળાવમાં બોટિંગની સુવિધા માટે જરૂરી પ્લેટફોર્મ તેમજ બોટિંગ માટે જતા લોકો લાઇફ જેકેટ પહેરી શકે અને ઊભા રહી શકે તે માટે સ્ટેન્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. તળાવના કિનારે આર.સી.સી. માર્ગ બનાવવામાં આવ્યો છે, જેના કારણે આસપાસના વિસ્તારને સુવ્યવસ્થિત અને આકર્ષક સ્વરૂપ મળ્યું છે.

ગામના સામાજિક અને સામૂહિક જીવનને વધુ સુવિધાજનક બનાવવા માટે ચંદન તલાવડીના કિનારે રંગરોગાન સાથે ટાઉન હોલની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત આકર્ષક સ્વિમિંગ પૂલ બનાવવામાં આવ્યો છે. વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને જાહેર કાર્યક્રમોનું આયોજન કરી શકાય તે માટે પ્લેટફોર્મ સહિતનો ખુલ્લો પ્લોટ એરિયા પણ વિકસાવવામાં આવ્યો છે.

પણસોલી ગામની ચંદન તલાવડીનું આ નવું સ્વરૂપ ગ્રામ્ય વિસ્તારમાં સુવિધાસભર અને સુંદર જાહેર સ્થળ કેવું હોઈ શકે તેનું ઉદાહરણ પૂરું પાડે છે. તળાવની આસપાસનું સુશોભન, કુદરતી વાતાવરણ, બોટિંગની વ્યવસ્થા અને અન્ય સુવિધાઓ ગામની ઓળખને નવી દિશા આપે છે. ગ્રામજનોને આનંદ અને આરામ માટેનું સ્થળ મળવાની સાથે મુલાકાતે આવતા લોકોને પણ આકર્ષિત કરવાની ક્ષમતા ધરાવતું આ સ્થળ ગામના વિકાસમાં નોંધપાત્ર ઉમેરો છે.

### રાજવી દેનગીમાંથી ચંદન તલાવડીનુ નિર્માણ કરાયું

વડોદરા રાજ્યના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની લોકકલ્યાણની ભાવનાની પ્રતીક સમાન પણસોલી ગામની ચંદન તલાવડીનો ઇતિહાસ વર્ષો જૂનો છે. વર્ષ ૧૯૩૬ની ત્રીજી જાન્યુઆરીના રોજ હીરક મહોત્સવની દેનગીમાંથી વર્ષ ૧૯૪૨-૪૩માં મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ રૂ. ૭૦૦ના ખર્ચે પણસોલી ગામમાં તલાવડીનું ખોદકામ કરાવ્યું હતું. ગામના લોકો અને પશુઓની સુખાકારી તથા પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નિર્માણ પામેલી આ તલાવડી આજે ચંદન તલાવડી તરીકે ઓળખાય છે. સમયના પ્રવાહ સાથે આ તલાવડી પણસોલી ગામની ઐતિહાસિક ધરોહર બની રહી છે અને ગામના ભૂતકાળની યાદોને જીવંત રાખી રહી છે.

### બતકોના નિવાસ માટે વિશેષ વ્યવસ્થા, બચ્ચાં માટે અલગ તરણકુંડ



ચંદન તલાવડીની વિશેષતા બતકોની સંભાળ માટે ઊભી કરવામાં આવેલી વ્યવસ્થા પણ છે. વરસાદ અને ગરમીથી રક્ષણ મળે તે માટે છતવાળાં બતકઘર બનાવવામાં આવ્યાં છે. બતકો સુરક્ષિત રહી શકે, તેમને શાંત અને અનુકૂળ વાતાવરણ મળી રહે તેમજ તેમના કુદરતી વસવાટને જાળવી શકાય તે માટે કાળજી લેવામાં આવે છે.

બતકોને સમયસર ખોરાક આપવાથી લઈને તેમનાં ઈંડાં સેવવાની પ્રક્રિયા સુધી સતત દેખરેખ રાખવામાં આવે છે. ઈંડાંમાંથી બહાર આવતાં બચ્ચાંના સુરક્ષિત વસવાટ અને સંભાળ માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. બચ્ચાં સરળતાથી પાણીમાં તરી શકે તે માટે તેમના નિવાસની નજીક નાનો તરણકુંડ બનાવવામાં આવ્યો છે. આ વ્યવસ્થાઓને કારણે ચંદન તલાવડી માત્ર માનવીઓ માટેનું મનોરંજન સ્થળ જ નહીં, પરંતુ પક્ષીઓની સંભાળ અને સંરક્ષણને મહત્વ આપતું સ્થળ પણ બની છે.

### પણસોલીની ચંદન તલાવડી અને જોધા ખત્રીની લોકગાથા આજે પણ લોકમાનસમાં જીવંત

આશરે ૨૦૦ વર્ષ જૂની લોકવાયકા સાથે જોડાયેલી છે જોધા ખત્રીની ત્રણ બેઠકોની આસ્થાભરી પરંપરા

પણસોલી ગામ પોતાની ઐતિહાસિક ધરોહર, લોકઆસ્થા અને પેઢી દર પેઢી સચવાયેલી લોકવાયકાને કારણે આગવી ઓળખ ધરાવે છે. ગામની પાદરે આવેલી ચંદન તલાવડી આજે પણ જોધા ખત્રીની રહસ્યમય લોકગાથાની સાક્ષી બની રહી છે. ગામમાં પ્રચલિત લોકવાયકા મુજબ આશરે ૨૦૦ વર્ષ અગાઉ જોધા ખત્રીનો જન્મ થયો હતો. તેઓ ગામની ગાયો ચરાવીને જીવન વિતાવતા હતા. ગામની પાદરે આવેલી ચંદન તલાવડીના કિનારે ગાયો ચરાવવી અને ત્યારબાદ તલાવડીમાં સ્નાન કરવું એ તેમની દિનચર્યાનો ભાગ હતો. લોકવાયકા અનુસાર, જોધા ખત્રીએ જીવનમાં ક્યારેય કોઈ મહિલાનો ચહેરો જોયો નહોતો. એક દિવસ તેઓ ચંદન તલાવડીમાં સ્નાન કરી રહ્યા હતા ત્યારે ગામની એક મહિલા તેમને જોવા માટે તલાવડીના કિનારે પહોંચી હતી. આ ઘટનાની જાણ થતાં જોધા ખત્રીએ તલાવડીમાં જ જળસમાધિ લઈ લીધી હોવાની લોકમાન્યતા પ્રચલિત છે. આ ઘટનાની જાણ ગામલોકોને થતાં સમગ્ર પણસોલી ગામ ચંદન તલાવડીના કિનારે ઉમટી પડ્યું હતું. લોકવાયકા મુજબ, તે સમયે તલાવડીમાંથી ફૂલોથી ભરેલી છાબ બહાર આવી હતી. સાથે જ ત્રણ અલગ-અલગ સ્થળોએ જોધા ખત્રીની બેઠક સ્થાપિત કરવાની આકાશવાણી થઈ હોવાની માન્યતા પણ ગામમાં પ્રચલિત છે. જોધા ખત્રીની ત્રણ બેઠકો તેમના જન્મસ્થળે, તેમણે જળસમાધિ લીધી હોવાનું મનાતા સ્થળે અને ચંદન તલાવડીના કિનારે આવેલી છે. તલાવડીના કિનારે આજે ગાય અને પોઠિયાંનાં પ્રતીકો પણ આ લોકગાથા સાથે જોડાયેલી સ્મૃતિને જીવંત રાખે છે.



(તસ્વીર અને માહિતી સંકલન : સઈદ મનસુરી, ડભોઈ)